# બાપુ ગુજરાત નોલેજ વિલેજ કેમ્પસમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો







ગાંધીનગર, તા.૨૩

બાપુ ગુજરાત નોલેજ વિલેજ કેમ્પસ ગાંધિનગર- માણસા રોડ અને વાસન ગામ ના સિમાડે કુદરતી વાતાવરણ માં ૨૦૦૯ થી ઈજનેરી, ફાર્મસિ, લો, નર્સિગ, સાયન્સ એન્ડ કોમર્સ વગેરે જેવી શૈક્ષણિક સંસ્થાઓ સાથે કાર્યરત છે.હાલ કોવિડ-૧૯ ની કુદરતી આફતી માં કેમ્પસ ની દરેક સંસ્થાઓમા સરકારના આદેશ મુજબ ઓન-લાઈન ટીચિંગ ગુગલ મીટ ના માધ્યમ થી થઈ રહિયુ છે.

સંસ્થાના પ્રણેતા અને ધરોહર એવા માનનિય શંકરસિહ વાઘેલા બાપુ ના ૮૦ મા જન્મ દિવસને કાયમી યાદગાર બનાવવા ના હેતુથી,સંસ્થાના વિશાળ પ્રટનાગણમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ કોલેજ મા કાર્યરત એન.સી.સી. ના કેડેટસના સહયોગથી યોજવામા આવ્યો હતો. આ વૃક્ષોને વાવ્યા બાદ તેમની સંભાળ લેવાની પ્રતિજ્ઞા પણ લિધી હતી.

આ કાર્યક્રમ મા સંસ્થા ના ટ્રસ્ટી ભરતસિહ વાઘેલા , ડારેક્ટર પ્રો. રવિકુમાર, દરેક કોલેજના પ્રિંસિપાલઓ અને શૈક્ષણિક સ્ટાફ અને બિન શૈક્ષણિક સ્ટાફ અને એન.સી.સી ના ઈન્ચાર્જ લેફ્ટનંટ રસિક તન્નાએ સોશિયલ ડિસ્ટન્સનુ પાલન કરી આશરે ૫૦ જેટલા અલગ અલગ પ્રકાર ના વૃક્ષો વાવ્યા હતા.

# ગુજરાત મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના નવનિયુકત ચેરમેન-વાઈસ ચેરમેનને મુખ્યમંત્રીની શુભેચ્છાઓ

ગાંધીનગર, તા.૨૩

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાત મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના નવા વરાયેલા ચેરમેન-વાઈસ ચેરમેનને હ્રદયપૂર્વકની શુભેચ્છાઓ પાઠવી છે.

મુખ્યમંત્રીએ સાબર ડેરીના અધ્યક્ષ શામળભાઈ પટેલની ફેડરેશનના ચેરમેન તરીકે અને કચ્છ જિલ્લા દૂધ ઉત્પાદન સંઘના અધ્યક્ષ શ્રી વાલમજી હુંબલની વાઈસ ચેરમેન તરીકે વરણી અંગે તેમને અભિનંદન આપ્યા છે.

વિજયભાઈ રૂપાણીએ ફેડરેશનના આ બે નવા નેતૃત્વકર્તાઓના માર્ગદર્શનમાં ગુજરાત મિલ્ક માર્કેટીંગ ફેડરેશન અને તેને સંલગ્ન દૂધ સંઘો-ડેરીઓ શ્વેતક્રાંતિમાં ગુજરાતને વધુ અગ્રેસરતા પ્રાપ્ત કરાવે તેવી શુભકામનાઓ પણ આપી છે.

# સામાન્ય લક્ષણો ધરાવતા દર્દીને માટે ૧૦ દિવસ જ સેલ્ફ આઈસોલેશન પર્યાપ્ત

ગાંધીનગર, તા.૨૩

અમેરિકા દ્વારા બહાર પાડેલી ગાઈડ લાઈન છે. ઉપરાંત દેશમાં અને અમદાવાદ મા પણ કોવિદ - ૧૯ ની ગાઈડ લાઈનમાં ઘણા ફેરફારો આવી ગયા છતાં ગાધીનગર મહા નગરપાલિકા એજ જૂની ગાઈડલાઈનને વળગી રહ્યૂ છે અને કોરોનાનો દર્દી સાજો થઈ પોતાના નોકરી ધંધે લાગી ગયો હોય તો પણ મહીના - બે મહીના સુધી જે તે વિસ્તારને કંટેઈન્મેન્ટ ઝોન તરીકે ચાલૂ રાખી એ વિસ્તારના રોડને બંધ રાખી લોકોને બિનજરૂરી મુશ્કેલીમાં મુકે છે.આને કારણે આજે ગાધીનગર મા ૧૭૦થી વધૂ કંટેઈન્મેન્ટ ઝોન છે અને ૩૧જૂલાઈ સુધીમાં એ સંખ્યા વધી ૨૨૦ થઈ જશે.આ કરવા છતાં ગાધીનગર મા કેસો ઓછા થતા નથી, કેમ?ગાધીનગર મહાનગરપાલિકા ની કોરોનાની કામગીરી એટલે એક કેસ આવતા જે તે વિસ્તારની ભૂગોળ અને લોકેશન સમજ્યા વિના કંટેઈન્મેન્ટ ઝોન જાહેર કરી એ વિસ્તારના રસ્તા બંધ કરી એક - દોઢ મહીના સુધી ઊંઘી જવાનું. આથી લોકોની તીવ્ર લાગણી છે કે ગાધીનગર મહાનગરપાલિકાની ચીલા ચાલૂ જૂની પુરાણી કંટેઈન્મેન્ટ ઝોન બાબતની પધ્ધતી બદલાવી જોઈએ.





બીઆરસી ભવન કલોલ, ગાંધીનગર ખાતે સમગ્ર શિક્ષા અંતર્ગત આઈ.ઈ.ડી. શાખામાં કાર્યરત રિસોર્સ રૂમમાં સરકારી શાળામાં અભ્યાસ કરતા દિવ્યાંગ બાળકોને સ્વર્ગીય ઊર્વીબેનના સ્મરણાંર્થે વિક્રમભાઈ ભગવાનભાઈના વરદે હસ્તે દિવ્યાંગ બાળકોને ટી-શર્ટનું વિતરણ કરવામાં આવ્યું હતું. દાતાના પુત્ર જયદીપભાઈ અને પુત્રવધુ દિપાલીબેને તેમજ બીઆરસી કો. ઓર્ડીનેટર તેમજ સમગ્ર શિક્ષાના આઈ.ઈ.ડી. સ્ટાફના હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતું.

# આદ્યશકિત પીઠ ધામ અંબાજી બન્યું ગુજરાતનું પ્રથમ ISO 9001સર્ટીફિકેટ ધરાવતું યાત્રા તીર્થધામ

## ગાંધીનગરમાં મુખ્યમંત્રીએ ISO 9001 સર્ટીફિકેટ મંદિર ટ્રસ્ટને અર્પણ કર્યુ



ગાંધીનગર, તા.૨૩

દેશ-દુનિયાના કરોડો યાત્રાળુઓ માઈભકતોની શ્રદ્ધા આસ્થાનું કેન્દ્ર ઉત્તર ગુજરાતનું આદ્યશકિત પીઠ અંબાજી ધામ ગુજરાતનું સૌ પ્રથમ ISO 9001 : 2015 સર્ટીફિકેટ ધરાવતું પવિત્ર યાત્રા ધામ બન્યું છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ ISO 9001 : 2015 સર્ટીફિકેટ યાત્રાધામ વિકાસ મંત્રી શ્રી દિલીપકુમાર ઠાકોર અને શ્રીમતી વિભાવરીબહેન દવેની ઉપસ્થિતીમાં પ્રવાસન-યાત્રાધામ સચિવ શ્રીમતી મમતા વર્મા અને આરાસૂરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના અધ્યક્ષ, બનાસકાંઠા કલેકટર સંદીપ સાંગલેને ગાંધીનગરમાં અર્પણ કરી આ ગૌરવ સિદ્ધિ માટે અભિનંદન પાઠવ્યા હતા.

આદ્યશકિત પીઠ અંબાજી મંદિરની આ પ્રમાણપત્ર માટે પસંદગી કરવામાં આવી તેમાં જે મહત્વપૂર્ણ બાબતો આવરી લેવાઈ છે તેમાં સમગ્ર મંદિર પરિસરના સુઆયોજિત સંચાલન, ગબ્બર પરની સુવિધાઓ તેમજ પ્રસાદ અને અન્ય ખાદ્ય સામગ્રી તેમજ યાત્રી નિવાસ સગવડતાઓના સરળ સંચાલન સાથે જ અંબાજી વિસ્તારમાં ટ્રસ્ટ દ્વારા હાથ ધરાતી વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના સંચાલન અને સેવાકીય પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.

ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ફોર સ્ટાર્ન્ડડાઈઝેશન ISO એ યુ.કે બેઝ્ડ સંગઠન છે અને જે-તે સંસ્થા-સંગઠનોને તેની ગુણવત્તાયુકત સેવાઓ, પર્યાવરણ જાળવણીના ઉપાયો તથા સુરક્ષા-સલામતિની સર્વગ્રાહી બાબતોના મૂલ્યાંકનના આધારે ISO સર્ટીફિકેશન માટેની પસંદગી આ સંસ્થા કરે છે.

ગુજરાતના આ આદ્યશકિત પીઠ અંબાજી મંદિર ટ્રસ્ટે આ ISO 9001 : 2015 સર્ટીફિકેશન માટે યાત્રાધામ વિકાસ મંત્રી દિલીપકુમાર ઠાકોર અને રાજય મંત્રી શ્રીમતી વિભાવરીબહેન દવેના પ્રેરણા માર્ગદર્શનમાં જે રજૂઆત કરી હતી તેની ફલશ્રુતિએ ISO ના માનદંડો પર અંબાજી મંદિર ટ્રસ્ટ સફળ નિવડતાં આ સર્ટીફિકેશન પ્રાપ્ત થયું છે.

આ સર્ટીફિકેટ ૩ વર્ષ માટે માન્ય રહે છે. એટલું જ નહિ, દર વર્ષે સર્વેલન્સ ઓડિટ દ્વારા જે-તે સુવિધાઓની ગુણવત્તામાં સુધારાની ચકાસણી પણ થતી હોય છે.

આરાસૂરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટને આ ISO 9001 : 2015 સર્ટીફિકેટ અંબાજી યાત્રાધામમાં આવતા યાત્રિકોને પૂજા, યજ્ઞ, પાર્કિંગ, દાન-ભંડોળ, તત્કાલ તબીબી સેવાઓની ઉપલબ્ધિ પ્રસાદ વ્યવસ્થા, નિવાસ સુવિધા વગેરે બાબતોની જાણકારી માટે ડેડીકેટેડ હેલ્થ સેન્ટરની સુવિધા, સાયન્ટીફિક એપ્રોચ સાથેના સી.સી.ટીવી સર્વેલન્સ તથા સ્ટ્રેટેજિક લોકેશન્સ ઉપર વ્યૂહાત્મક સુરક્ષા નિગરાની તેમજ સુરક્ષિત અને હાઈજેનીક-આરોગ્યપ્રદ ખોરાક-ભોજન પ્રસાદ જેવી વિવિધ સગવડતાઓમાં શ્રેષ્ઠતા માટે એનાયત થયું છે.

# રાજયની વિકાસયાત્રા અવિરત રહે એ માટે જનહિતના કામોને પ્રાધાન્ય અપાશે : નીતિનભાઈ

ગાંધીનગર, તા.૨૩

નાયબ મુખ્યમંત્રી અને માર્ગ-મકાન મંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું છે કે, કોરોનાની વૈશ્વિક મહામારી અંતર્ગત પણ જનહિતના કામોને પ્રાધાન્ય આપીને રાજયની વિકાસયાત્રાને આગળ વધારવી એ અમારો નિર્ધાર છે. તેમણે કહ્યુ કે, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ વિકાસકામો રાબેતા મુજબ શરૂ થાય એ માટે ખાસ ધ્યાન કેન્દ્રિત કરીને યોગ્ય કરવા સબંધિતોને સૂચનાઓ પણ આપી દીધી છે. જે કામો પૂર્ણ થયા છે અને નવા કામો શરૂ કરવાના છે એ માટે ઈ-લોકાર્પણ, ઈ-ભૂમિપૂજન/ખાતમુહૂર્તનો નવતર અભિગમ દાખવ્યો છે. જેના પરિણામે લોકોને એકત્ર ન કરવા પડે, સોશિયલ ડિસ્ટન્સિંગ જળવાય અને કોરોનાનુ સંક્રમણ ફેલાતુ અટકે.

**રાજ્યના વિવિધ વિકાસ કામો શરૂ : રૂ. ૯૦૦ થી ૧૦૦૦ કરોડના ખર્ચે તૈયાર થનાર સરખેજ-ગાંધીનગર સિક્સલેન હાઈ-વે ઉપરાંત રાજકોટ-અમદાવાદ સિક્સ લેન હાઈ-વે, તારાપુર-વાંસદ સિક્સ લેન હાઈ-વે સહિતના વિવિધ મોટા પ્રોજેક્ટ પુનઃ શરૂ**

રાજ્યના માર્ગ અને મકાન વિભાગને દર વર્ષે રૂ. ૯,૦૦૦ કરોડથી વધુ રકમ સરકાર દ્વારા ફાળવવામાં આવે છે. જેના થકી રોડને પહોળા કરવા, નવા રસ્તાઓના બાંધકામ, અંડરબ્રિજ-ઓવરબ્રિજ સહિતના અનેક વિકાસ કામો રાજયભરમાં હાથ ધરવામાં આવે છે. રાજયના ખમીરવંતા સરહદી જિલ્લા એવા કચ્છના વિકાસ માટે રાજ્ય સરકાર સવિશેષ મહત્વ આપી રહ્યું છે તેમ જણાવી નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ દ્વારા ગાંધીનગર ખાતેથી વિડીયો કોન્ફરન્સના માધ્યમ થકી માર્ગ અને મકાન વિભાગના વિવિધ વિકાસના કામોનું ઈ-ભૂમિપૂજન તેમજ ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતુ.

પટેલે વધુમાં ઉમેર્યું કે, કોરોના મહામારીના આ સમયગાળામાં ૧૦ લાખથી વધુ શ્રમિકો-કારીગરો પોતાના વતન રાજ્યમાં પહોંચી ગયા છે. આ સ્થિતિમાં પણ શ્રમિકો-કારીગરોની વ્યવસ્થા ગોઠવી રાજ્યના વિવિધ વિકાસ કામો શરૂ કરી દેવામાં આવ્યા છે જેમાં મહત્વના પ્રોજેક્ટ એવા ૯૦૦ થી ૧૦૦૦ કરોડના ખર્ચે તૈયાર થનાર સરખેજ-ગાંધીનગર સિક્સલેન હાઈ-વે, રાજકોટ-અમદાવાદ સિક્સ લેન હાઈ-વે, તારાપુર-વાસદ સિક્સ લેન હાઈ-વે સહિતના વિવિધ મોટા પ્રોજેક્ટ પુન શરૂ કરી દેવાયા છે. એ ઉપરાંત ગત અઠવાડિયે જ દક્ષિણ ગુજરાતના ૮૦૦ કરોડના વિવિધ કામોનું ઈ-લોકાર્પણ તથા ઈ-ભૂમિપૂજનનું પણ કરવામાં આવ્યું હતુ. આમ આ કોરોનાની સ્થિતિમાં પણ જનજીવન સામાન્ય થાય અને વિકાસના કામો અટકે નહીં તેની પણ રાજ્ય સરકાર ચિંતા કરી રહી છે.

પટેલે કહ્યું કે, એક જમાનામાં કચ્છમાંથી લોકો હિજરત કરવા માંડ્યા હતા જો કે હવે, રિવર્સ ટ્રેન્ડ શરૂ થયો છે. કચ્છ જિલ્લો ગુજરાત માટે આર્થિક રીતે મહત્વનો જિલ્લો બની ગયો છે. આ જિલ્લાનો વધુને વધુ વિકાસ થાય તે માટે રાજ્ય સરકાર કટીબદ્ધ છે એટલું જ નહીં તેને વધુ સક્ષમ બનાવવો અમારી ફરજ છે.





# કેન્દ્રીય વિશ્વ વિદ્યાલય ICC દ્વારા 'Woman Empowerment in Contemporary Times' વિષય પર વેબિનારનું આયોજન

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત કેન્દ્રીય વિશ્વ વિદ્યાલય ICC (Internal Complaints Committee) દ્વારા દિનાંક ૨૧ જુલાઈ ૨૦૨૦ મંગળવાર ના રોજ એક વેવિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો વિષય 'Woman Empowerment in Contemporary Times' હતું. વેવિનાર ના મુખ્ય વક્તા તરીકે રાષ્ટ્રીય મહિલા આયોગ ના અધ્યક્ષ શ્રી મતી રેખા શર્માજી, બાબા સાહેબ ઓપન યુનિવર્સિટી ના કુલપતિ શ્રી પ્રો. અમી ઉપાધ્યાય, પ્રસિદ્ધ બોલીવુડ અભિનેત્રી પાયલ રોહતગી જેવા શસ્કત મહિલાઓએ સ્ત્રી સશકતિકરણ જેવા મહત્વના બિંદુ પર ચર્ચા કરી. તેમની સાથે ગુજરાત કેન્દ્રીય વિશ્વ વિદ્યાલયના કુલપતિ રમાશંકર દુબે જી એ પણ પોતાના વિચારો ને વહેતા કર્યા.


રાષ્ટ્રીય મહિલા આયોગ ના અધ્યક્ષ રેખા શર્માજી એ પોતાના વિચાર મૂકતા જણાવ્યું કે ત્યાર સુધી મહિલાઓ ના શકિત ની વાત નહી કરી શકાય કે જયાર સુધી મહિલાઓને બધાજ ક્ષેત્ર માં મહિલાઓને સમાન અધિકાર નહી મળી જાય. સ્ત્રી અને પુરૂષ ને શિક્ષા ની સાથોસાથ સંપત્તિ માં પણ સમાન અધિકાર હોવું અત્યંત આવશ્યક છે. તે સાથે સ્ત્રી અને પુરુષ વચ્ચે રહેલા ભેદ ભાવને પણ દૂર કરવું એ અતિ આવશ્યક છે. સાથે - સાથે તેમણે મહિલા અધિકારો વિશેની પણ ઘણી આવશ્યક માહિતી પોતાના વિચારો દ્વારા રજૂ કર્યા. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ના કુલપતિ એવાઅમી ઉપાધ્યાયજી એ મહિલા સશકિતકરણ ઉપરાંત સ્ત્રી શિક્ષા પર વધુ ભાર મુકતા પોતાની વાત મૂકી જેમાં તેમણે જણાવ્યું કે શિક્ષા નો અર્થ કેવળ ડિગ્રી પ્રાપ્ત કરવા માટે નહી પરંતુ વાસ્તવ માં આપણી વિચારશક્તિ ને સાચા અર્થમાં કેળવવા માટે છે. ફક્ત નોકરી પ્રાપ્ત કરવું એ શિક્ષા નો ધ્યેય નથી પરંતુ તેમણે શિક્ષાને જીવનને નવી દિશા બતાવનાર તેમજ સકારાત્મક પરિવર્તન લાવનાર તરીકે ગણે છે.

સુપ્રસિદ્ધ અભિનેત્રી પાયલ રોહતગી એ પોતાના વિષયને મૂકતા નારીમાં રહેલા સ્ત્રી શક્તિ ની વાત કરી. તેઓ વધુ જણાવતા કહે છે કે ગૃહિણી હોય કે નોકરિયાત સ્ત્રી દરેકે પોતાના કામ ને પ્રેમ કરવો જોઈએ. કોઈ પણ પ્રકારના હીન ભાવથી પોતે પીડિત ના હોવું જોઈએ. સાથોસાથ પોતાની સાથે બોલીવુડ માં કામ કરતી અન્ય અભિનેત્રીઓ સામે મહિલાઓના વિષયને લઈને આવનાર આપદાઓ સામે પણ સક્ષમતાથી ઉભા રેહવા માટે ઈશારો કરે છે.

ગુજરાત કેન્દ્રીય વિશ્વ વિદ્યાલયના કુલપતિ રમાશંકર દુબેજી એ પૌરાણિક ગ્રંથોના આધારે મૈત્રીયી, ગાર્ગી, લોપામુદ્રા જેવી મહાન સ્ત્રીઓ ના ઉદાહરણ આપી પ્રાચીન ભારતીય પરંપરા ના સ્ત્રી ઓના મહાન વ્યક્તિત્વ તેમજ તેમના માં રહેલી સ્ત્રી શકિત અને શોર્યગાથા નું સંક્ષિપ્ત માં પરિચય આપ્યું તે સાથે જ ઉપનિષદ અને સ્મૃતિ ગ્રંથો માં લખાયેલ નારી વિચારોની વાત પણ તેમણે મૂક્ત સ્વરૂપે કહ્યું.

ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થી અશ્વિની કુમાર એ વેબીનાર ની જાણકારી આપી હતી. સંપૂર્ણ સંચાલન ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલય ની શોધાર્થી જ્યોતિ જેશવાલ એ કર્યુ અને આભાર વિધિ ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલય ના જ વિદ્યાર્થી નિસર્ગ રાઠોડે કર્યું હતું.

# જન્મદિને વધામણી



મીરા અલ્પેશકુમાર પ્રજાપતિ



પંકજભાઈ ગાંધી
મો. ૯૪૨૭૩ ૦૭૮૩૪



ઉમંગ રમેશભાઈ પરમાર
મો. ૯૫૭૪૮ ૨૪૩૦૮



અર્ચન આશિષ ઠાકર



રાજેન્દ્ર આર પારેખ
મો. ૯૨૨૮૧ ૬૧૨૩૬



પ્રેમલ શૈલેષકુમાર ઠાકોર
મો. ૮૩૪૭૮ ૭૦૮૫૪



શ્રીમાળી અલ્પેશકુમાર બી
મો. ૯૬૮૭૧ ૨૭૭૯૮



મીત
મો. ૯૮૨૪૮ ૫૬૬૯૦



ધૈર્ય રીતેષ સુખડિયા